# વિરોધપક્ષના નેતાશ્રીનું કાર્યાલય

## ગુજરાત વિધાનસભા, ગાંધીનગર.

**અખબારી યાદી** **તા.૧૯-૧૨-૨૦૦૯**

- **સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓમાં ૫૦ ટકા અનામત કોંગ્રેસની નીતિને અનુરુપ હોય વિધાનસભામાં કોંગ્રેસપક્ષે મહિલા અનામતને આપેલો ટેકો.**
- **ફરજીયાત મતદાન બંધારણીય મૂળભૂત અધિકારોથી વિરુધ્ધ**
- **વિધાનસભામાં માન.મુખ્યમંત્રીશ્રી એક મતદાર હોવાછતાં ગૃહમાં મતદાન સમયે ભાગ્યેજ હાજર રહે છે. તેમને શુ અધિકાર છે કે રાજયના મતદારોને મતદાન માટે ફરજ પાડે.**
- **મહિલાઓ માટે અનામતની જોગવાઇ કરવા બંધારણીય સુધારો કરીને પહેલ કરનાર સ્વ.રાજીવ ગાંધી હતાં.**
- **જે દેશોએ ફરજીયાત મતદાનનો અખતરો કર્યો હતો તેઓ પણ ફરજીયાત મતદાનમાંથી પરત ફરી રહયાં છે.**
- **ફરજીયાત મતદાનનો તઘલઘી સુધારો મહિલા અનામત સાથે મૂકીને ભા.જ.૫ સરકાર સમગ્ર બિલને ખોરંભે પાડી મહિલાઓને અન્યાય કરવા માંગે છે.**
- **મહિલા કલ્યાણ માટે કેન્દ્રમાંથી આવેલા ૫૦૦ લાખ રુપિયા ગુજરાતના મુખ્યમંત્રીશ્રીએ પોતાના ભાષણો કરવામાં વાપરી નાખ્યા.**

ગુજરાત વિધાનસભામાં આજે વિધેયક ક્રમાંક-૨૩ દાખલ થયેલુ હતું. આ વિધેયક દ્વારા મહિલાઓને ૫૦ ટકા અનામતની જોગવાઇ કરવામાં આવી હતી. કોંગ્રેસપક્ષના સભ્યોએ મહિલા અનામતની જોગવાઇઓને સમર્થન આપ્યું છે. મહિલા અનામતની જોગવાઇઓ સાથે કોઇપણ કારણ વગર ફરજીયાત મતદાન માટેની જોગવાઇ ભા.જ.પ.ની સરકારે દાખલ કરવાનો તઘલઘી નિર્ણય કરેલો અને તેથી કોંગ્રેસપક્ષે તેનો વિરોધ કરેલો છે. બંધારણની નાગરિક સ્વાતંત્રતાથી તદ્દન વિરુધ્ધ ફરજીયાત મતદાનની જોગવાઇઓ છે. દેશની પાર્લામેન્ટે પણ તેની વિચારણા કરી છે તેવા દિનેશ ગૌસ્વામી કમિટીના રીપોર્ટમાં ફરજીયાત મતદાન વાસ્તવિક નહીં હોવાનો ઉલ્લેખ છે. ફરજીયાત મતદાનની નકારાત્મક અસર માત્ર ગ્રામ્ય વિસ્તારોના ગરીબ, મધ્યમ વર્ગ, આદિવાસી અને દલિતોને થશે. કાયદાની જોગવાઇઓ મુજબ શ્રીમંત માણસ પરદેશ ગયો હોય કે રાજયની બહાર હોય તો તેને ફરજીયાત મતદાનમાંથી મુકિત મળી જાય છે પણ ગરીબ માણસ ગામતરે ગયો હોય તો તેને શિક્ષા કરવાની જોગવાઇ છે. દુનિયામાં થોડા દેશોએ ફરજીયાત મતદાનનો અખતરો કર્યો હતો. પરંતુ પસ્તાઇને તેમાંથી પાછા ફરી રહયાં છે. ઓસ્ટ્રીયામાં ૧૯૨૯માં પ્રેસીડેન્સીયલ ઇલેકશનમાં અને સન-૧૯૪૯થી રાજયમાં સંસદની ચૂંટણીમાં ફરજીયાત મતદાનનો કાયદો આવેલો હતો. પરંતુ અનુભવે ઓસ્ટ્રીયાને લાગ્યુ કે લોકશાહી માટે ફરજીયાત મતદાન નુકશાનકર્તા છે. કોઇને જબરજસ્તીથી મતદાન કરવા મોકલવાથી જાગૃત મતદારોને સમજણપૂર્વકના અવાજને અન્યાય થઇ જાય છે. તેમજ લોકશાહીના મૂળભૂત સિધ્ધાંતો

અને અધિકારનો ભંગ થાય છે.ઓસ્ટ્રીયાએ  સન-૧૯૮૨ થી ૨૦૦૪ વચ્ચે તબકકાવાર પોતે જે ફરજીયાત મતદાન કાયદો બનાવ્યો તેને રદ કરેલ છે. આમ ઓસ્ટ્રીયા જેવા દેશે ફરજીયાત મતદાનનો કાયદો બનાવ્યો પણ તેને રદ કરવો પડયો છે. નેધરલેન્ડ(હોલેન્ડ)એ ૧૯૧૭માં ફરજીયાત મતદાનનો કાયદો કર્યો હતો પરંતુ અનુભવે કાયદો યોગ્ય ન હોય સન-૧૯૭૦માં ફરજીયાત મતદાનનો કાયદો રદ કર્યો છે. સ્પેન દ્વારા સન-૧૯૦૭ થી ૧૯૨૩ વચ્ચે ફરજીયાત મતદાનનો કાયદો કરેલો પરંતુ તેને લાગુ કરવો યોગ્ય ન જણાતાં તેને લાગુ કરવામાં આવ્યો નહીં. ઓસ્ટ્રેલીયામાં પણ ફરજીયાત મતદાનની વિરુધ્ધ મોટા પાયે મુવમેન્ટ ચાલી રહી છે.

દેશની સંસદમાં ખાનગી સભ્યો દ્વારા ફરજીયાત મતદાનનું બિલ દાખલ થયેલું. પરંતુ તેને પણ દેશની સંસદે અમાન્ય ઠરાવેલું છે.

ગુજરાતમાં મહિલાઓના કલ્યાણ માટે ભૂતકાળમાં તમામ ક્ષેત્રે મફત શિક્ષણ મહિલાઓને મળે તેવી વ્યવસ્થા કોંગ્રેસની સરકારે હતી. પરંતુ આજે ગુજરાતમાં શિક્ષણનું વ્યવસાયીકરણ થઇ રહયું છે. અને મહિલાઓને મફત શિક્ષણની વાત ગુજરાતની ભા.જ.પ.સરકારે અભરાઇએ ચડાવી છે. ગુજરાતમાં મોટા પાયે ભ્રૂણ હત્યા થાય છે અને ખરા અર્થમાં બેટી બચાવ માટે સરકારનું કોઇ આોજન નથી. આજે વિધાનસભામાં આ વિધેયક પર ગુજરાત વિધાનસભા વિરોધપક્ષના નેતાશ્રી શકિતસિંહ ગોહિલે ચર્ચામાં પ્રારંભ કર્યો હતો અને આજ વિધેયક પર કોંગ્રેસના ધારાસભ્યશ્રી સિધ્ધાર્થભાઇ પટેલ,શ્રી અર્જુનભાઇ મોઢવાડીયા, શ્રી જવાહરભાઇ ચાવડા, શ્રી નટવરસિંહ ઠાકોર વિગેરેએ ઉંડાણપૂર્વક વક્તવ્ય આપ્યા હતાં.

---

પ્રતિ,
તંત્રીશ્રી,
સદરહુ પ્રેસનોટ આપના અખબારમાં પ્રસિદ્ધ કરવા માન. વિરોધપક્ષના નેતાશ્રીએ વિનંતી કરેલ છે.

**(જે. જે. રસાણીઆ)**
અંગત મદદનીશ